# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

કોડ નં

પુન:મુલ્યાંકન માટેની ફી

(1) ૧ વિષય માટે રૂ.૨૫૦-૦૦ (C.B.C.S.)
૨ વિષય માટે રૂ.૫૦૦-૦૦ (C.B.C.S.)

(2) ૧ વિષય માટે રૂ.૫૦૦-૦૦ (NON C.B.C.S.)
૨ વિષય માટે રૂ.૧૦૦૦-૦૦ (NON C.B.C.S.)

પરીક્ષા નિયામક વતી સ્વીકારવા.

**સુચના : પુન:મુલ્યાંકન અંગેના નિયમો તથા માહિતી કાળજીપુર્વક વંચાણે લીધા બાદ જ અરજીની વિગત ભરવી.**

**NO.**

પ્રતિ,
પરીક્ષા નિયામકશ્રી,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જુનાગઢ – ૩૬૨૨૦૧

**માનનીય સાહેબ,**

હું નીચે જણાવેલ વિગતે મારા વિષય/પેપરમાં પુન:મુલ્યાંકન કરાવવા માંગું છું તો તે માટે અરજી સ્વીકારવા વિનંતી કરુ છું. પુન:મુલ્યાંકનના પાછળ જણાવેલા નિયમો મેં વાંચ્યા છે અને તે અંગે વખતોવખતના ફેરફાર મને બંધનકર્તા રહેશે તેની બાંહેધરી આપુ છું. આ પરીક્ષાના ગુણપત્રકની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ છે.

અટક નામ પિતાનું નામ

1. પરીક્ષાર્થીનું પુરેપૂરું નામ : ................................................................................
2. પત્રવ્યવહારનું સરનામું : ................................................................................
................................................................................
................................................................................
પિનકોડ નંબર : .............................. મોબાઇલ નં. : ..............................
3. પરીક્ષાનું નામ અને વર્ષ : .............................. માર્ચ/એપ્રિલ/ઓક્ટો./નવે.-૨૦.......
4. કોલેજ/ભવનનું નામ : ................................................................................
5. પરીક્ષાનો બેઠક નં : .............................. પરીક્ષા કેન્દ્ર : ..............................
6. પરિણામ જાહેર થવાની તારીખ : ..............................
7. પુન:મુલ્યાંકન ફી ભર્યાની વિગત : .................. પહોંચ નંબર : .............................. તારીખ : ..............................
8. જે વિષય/પેપરમાં પુન:મુલ્યાંકન કરાવવાનું છે તેની વિગત

| ક્રમ | વિષય | પ્રશ્નપત્ર નંબર | યુનિવર્સિટીમાં પરીક્ષામાં મેળવેલ ગુણ | |
|---|---|---|---|---|
| | | | જે તે પ્રશ્નપત્રના કુલ ગુણ | જે તે પ્રશ્નપત્રમાં મેળવેલ ગુણ |
| ૧ | | | | |
| ૨ | | | | |

**તારીખ :** **આપનો વિશ્વાસુ**

**સ્થળ :** **પરીક્ષાર્થીની સહી**

**ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ દ્વારા માર્ચ/એપ્રિલ/ઓકટોબર/નવેમ્બર-૨૦૨  માં લેવાયેલ અને ત્યારપછીના વર્ષમાં લેવાનાર પરીક્ષાઓ તથા C.B.C.S. તેમજ NON C.B.C.S.અભ્યાસક્રમોના પરીક્ષાર્થીઓની ઉતરવહીઓનાં પુન:મુલ્યાંકન કરાવવા અંગેના નિયમો અને સુચનાઓ**

---

1. પુન:મુલ્યાંકન તથા રિ-ચેકિંગના ફોર્મ સ્વિકારવાની વ્યવસ્થા, જે તે કોલેજે કરવાની રહેશે. યુનિવર્સિટી પાસેથી ફોર્મ મેળવી કોલેજે વિદ્યાર્થીને આપવાનું રહેશે.
2. કોલેજોએ વિદ્યાર્થીઓ પાસે નિયત કરેલ અરજીપત્રક, જરૂરી વિગતો સાથે સંપુર્ણ ભરાવીને જરૂરી ફી તથા કોલેજના ફોરવર્ડીંગ લેટર સાથે, જે તે પરીક્ષાનું પરિણામ જાહેર કર્યાની તારીખથી અથવા સુધારેલ પરિણામ જાહેર કર્યાની તારીખથી ૦૭ કામના દિવસો (વર્કિંગ ડે) બાદ, કોલેજે વધુમાં વધુ, ૦૩ દિવસની સમય-મર્યાદામાં, યુનિવર્સિટી કાર્યાલય,પરીક્ષા વિભાગને મળે તે રીતે મોકલવાના રહેશે. અરજી-પત્રકો વિદ્યાર્થીઓની સહીવાળા મોકલવાના રહેશે. તેમજ સાથે જે તે પરીક્ષાની વાંચી શકાય તેવી ગુણપત્રકની ઝેરોક્ષ નકલ સામેલ રાખવાની રહેશે.
3. પુન:મુલ્યાંકન માટે વિષય દીઠ/પ્રશ્નપત્ર દીઠ ફી રૂ. ૨૫૦/- રહેશે તેમજ NON C.B.C.S. માં પ્રશ્નપત્ર દીઠ રૂ.૫૦૦/- રહેશે. જરૂરી ફી રકમ રોકડેથી યુનિવર્સિટી કાર્યાલયના કામકાજના દિવસોમાં ૧૧ થી ૨ દરમિયાન એકાઉન્ટ વિભાગમાં ભરવાની રહેશે. ડિમાન્ડ ડ્રાફ્ટથી ફીની રકમ મોકલતી વખતે તેની સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે. ચેક/આઇ.પી.ઓ. થી રકમ સ્વીકારવામાં આવશે નહીં.
4. ડીમાન્ડ ડ્રાફ્ટ રજીસ્ટ્રારશ્રી, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જુનાગઢના નામનો કઢાવવાનો રહેશે.
5. પુન:મુલ્યાંકન માટે અરજી કરી ફીની રકમ ભર્યા બાદ કોઇપણ સંજોગોમાં અરજી પાછી ખેંચી શકાશે નહી કે ભરેલી ફીની રકમ પરત મળી શકશે નહીં.
6. અધૂરી અને ખોટી વિગત ભરેલી અરજીઓ, નિયત ફી સિવાયની કે સમય-મર્યાદા બાદ આવેલી અરજીઓ તેમજ ખુટતી ફી સમય-મર્યાદામાં મોકલવામાં ન આવે તેવી અરજીઓ પર ધ્યાન આપવામાં આવશે નહીં.
7. આંતરિક ગુણાંકન, M.C.Q., પ્રેકટિકલ, વાઇવા, ડેઝર્ટેશન, ટર્મવર્ક, સેમિનાર, પ્રોજેકટવર્કની કોઇપણ પરીક્ષાની પુન:મુલ્યાંકન માટેની અરજી સ્વીકારી શકાશે નહીં અને એક્ષ્ટર્નલમાં એસાઇનમેન્ટનું પુન:મુલ્યાંકન કરવામાં આવશે નહીં.
8. સ્નાતક, અનુસ્નાતક તેમજ ડિપ્લોમાંની પરીક્ષાના તમામ સેમેસ્ટરમાં વધુમાં વધુ ૨(બે) પેપર માટે પુન:મુલ્યાંકન કરાવી શકાશે.
9. પરીક્ષાર્થીએ જે વિષય/ પ્રશ્નપત્ર કે પ્રશ્નપત્રોની ઉતરવહીઓનું પુન:મુલ્યાંકન કરાવવા અરજી કરી હોય તે જ વિષય/ પ્રશ્નપત્રોની ગુણ ચકાસણી માટે અલગ-અલગ અરજી કરવી જરૂરી નથી એટલે કે પુન:મુલ્યાંકનમાં ગુણ ચકાસણીની કાર્યવાહીનો સમાવેશ થઇ જાય છે.
10. જે પરીક્ષાનું પરિણામ નીચલી પરીક્ષા પસાર કરેલ ન હોવાને કારણે અટકાવવા (Pending)માં આવ્યુ હોય તેવા પરીક્ષાર્થીઓ પણ જો પુન:મુલ્યાંકન ઇચ્છતા હોય તો તેઓને પણ નિયત સમય-મર્યાદામાં જ અરજી કરવાની રહેશે.
11. જો કોઇ પરીક્ષાર્થીનું પરિણામ તેમની પરીક્ષાની અધુરી માહિતીના કારણે કે અન્ય કારણોસર અટકાવવામાં(Pending) આવ્યુ હોય તેવા પરીક્ષાર્થીઓ જો પુન:મુલ્યાંકન કરાવવા ઇચ્છતા હોય તો તે મતલબની સાદા કાગળમાં અરજી કરી નિયત સમય-મર્યાદામાં જાણ કરવાની રહેશે. આવા પરીક્ષાર્થીનું સતાવાર પરિણામ જાહેર થયા પછીથી દિવસ ૦૭ માં નિયત નમૂનમાં જરૂરી ફી સાથે પુન:મુલ્યાંકન માટે અરજી કરવાની રહેશે.
12. પુન:મુલ્યાંકનના પરીક્ષકે આપેલ ગુણ અને અસલ પુન:મુલ્યાંકનના ગુણ વચ્ચેનો તફાવત જે તે પ્રશ્નપત્રના કુલ ગુણના ૮% કે તેથી વધુ તેમજ ઓછુ હશે તો જ જે તે પરિણામમાં ફેરફાર કરવામાં આવશે, માર્કસમાં થયેલ વધારો કે ઘટાડો માન્ય રાખવો પડશે તેમજ ૨૦ ગુણથી વધુ માર્કસનું પરિવર્તન આવશે તો બીજી વખત પુન:મુલ્યાંકન કરાવવામાં આવશે.
13. જે પરીક્ષાર્થીએ પુન:મુલ્યાંકન માટે અરજી કરી હોય તેમજ નાપાસ પરીક્ષાર્થી પુન:મુલ્યાંકનના પરીણામમાં પાસ જાહેર થયે દિન ૧૦ માં ફી પરત મેળવવા માટેની અરજી કરવાની રહેશે. નિયત સમય-મર્યાદામાં આવેલ અરજી ધ્યાને લઇ અરજી ફીની ૫૦% રકમ પરત કરવામાં આવશે.
14. જે પરીક્ષાર્થીએ પુન:મુલ્યાંકન માટે અરજી કરી હોય તેણે પુન:મુલ્યાંકનના પરિણામ કે પ્રત્યુતરની રાહ જોયાવિના તેમના અસલ જાહેર થયેલા પરીણામ અનુસાર ઉપલી પરીક્ષાના વર્ગમાં પ્રવેશ મેળવવા કે અન્ય પ્રકારની અરજી કરવાની હોય કે આવેદનપત્ર ભરવાનું થતુ હોય તો સમય-મર્યાદામાં જે તે કાર્યવાહી કરી લેવાની રહેશે.
15. પુન:મુલ્યાંકનનું પરિણામ મોડું જાહેર થવાના કારણે ઉપલા વર્ગમાં મોડો પ્રવેશ મેળવવા માટે કોઇ પરીક્ષાર્થી હક્કદાર રહેશે નહીં અને તે માટે તેમજ અન્ય કોઇપણ પ્રકારના (નાણાં-સમય-તક) કલેઇમ કરી શકશે નહીં. પરંતુ જો કોઇ કોલેજ કે ભવનમાં પ્રવેશ આપ્યા બાદ ખાલી રહેતી જગ્યા હોય અને કોલેજ કે ભવન આવા પરીક્ષાર્થીને પ્રવેશ આપશે તો તેમની ખુટતી હાજરી યુનિવર્સિટી કોન્ડોન કરી શકશે.

**ઉપર જણાવેલ નિયમો અને સુચનાઓ સંબંધે અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે યુનિવર્સિટીએ લીધેલો નિર્ણય આખરી ગણાશે અને તે જે તે પરીક્ષાર્થીને બંધન કર્તારહેશે.**

**પરીક્ષા નિયામક**
**ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી**
**જુનાગઢ.**

**વિદ્યાર્થીની સહી**